નમસ્કાર ગાંધીનગર

પમરાટ

એક બે ત્રણ ચાર છોડી દે
ઊગતો અંધકાર છોડી દે
તો જ નમણી નિરાંત નિરખાશે
તું તને બારોબાર છોડી દે.
આપમેળે જ આવી મળશે એ
અહર્નિશ એના વિચાર છોડી દે.

- નીતિન વડગામા.

પાથેય

- રમેશ ઠક્કર

આકલનનો આનંદ...

જેમ કોઇ નદીનો પટ હોય છે,એમ જ જીવનનો પણ એક લાંબો પંથ હોય છે..આપણે એને ટુકડાઓમાં વિભાજીત કરતા રહીએ છીએ..ક્યારેક સરખામણી કરતા રહીએ છીએ કે ક્યો હિસ્સો સારો હતો અને કયા તબક્કે તકલીફો અનુભવી હતી..વ્યવહાર ડાહયા માણસો એને તડકીછાંયડી પણ કહે છે..આખા દિવસની ચડઉતર જોઇએ તો પ્રકાશ,હવા, રંગ, ગંધ અને અવાજોના કેટકેટલું વૈવિધ્ય જોવા મળે છે ? આપણે સમગ્રતયા આખા દિવસનો વૈભવ માણીએ છીએ..!

તમારી સુખની સૌથી યાદગાર પળ કઇ ? કે તમારા જીવનની સૌથી ખરાબ ક્ષણ કઇ? એવા પ્રશ્નો થકી આપણે સુખનું આકલન કરતા રહીએ છીએ..જીવનને હું એ રીતે કટપીસમાં જોતો નથી..જિંદગીનો એક સળંગ તાકો હોય છે...એના વણાટમાં પ્રત્યેક ધાગાનું મહત્વ રહેલું છે..જીવનનો પટ હોય છે,બનાસની રેત જેવો..અવિરત..એના એકાદ કિનારાથી એનું આકલન કરીએ તો એના વ્યાપને પામી શકાતો નથી..

કોઇ સુમધુર ગીતને સળંગ સાંભળવાનો લ્હાવો હોય છે..એ ખરૂં કે એના મુખડાથી એનો ઉઘાડ થાય છે..એના વિવિધ અંતરામાં એનું લાલિત્ય ગૂંથાય છે..પણ એનો લય અને સુરાવલિ આ બધાને એક તંતુ એ બાંધી રાખે છે..ગીતની એકાદી ઝલક એ એની છાલ્લક જેવી હોય છે..એનો ધોધમાર અનુભવ એને આખેઆખા માણવામાં હોય છે..જીવનમાં પણ મહત્વની પળો કે નિરાંતની પળો..સુખદ સમય કે દુઃખદ સમય એવા આરોહ અવરોહ જરૂર હોઇ શકે પણ જીવનને જોડી રાખતું પરિબળ એ એનો જીવનરસ છે..જયાં સુધી એ ઝરતો રહે છે ત્યાં સુધી દરેક દિવસ આગવી રીતે નીખરતો રહે છે..

વૃક્ષની કોઇ વંશાવલી હોતી નથી..આકાશનો કોઇ ભૂતકાળ હોતો નથી..ખેતરના હિસ્સા હોય છે પણ એની ઓળખ સીમ હોય છે..જીવવાની મજા કદાચ એની સમગ્રતયા સફરમાં છે..એકાદ ઢાળ કે કોઇ અડચણ પછી પણ પ્રવાહ ચાલવાનો જ હોય છે..એનું ચાલકબળ ગતિ હોય છે..આપણે જેને દિશાઓ કહીએ છીએ એ ગગનની ફક્ત ગોઠવણ છે..જયાં ક્ષિતીજો એકમેકમાં ઓગળી જાય છે એ કદાચ જીવનનો સુંદર પડાવ હોય છે.. મજા હંમેશાં જીવવામાં હોય છે..હયાતીના હસ્તાક્ષરથી વધીને કોઇ રોમાંચ ના હોઇ શકે..ચઢાવઉતારની ચબરખીમાં સમગ્ર જીવનની પટકથા આલેખી શકાતી નથી..કોરા કાગળની અવ્યક્ત સપાટી ઉપર કેટકેટલી શક્યતાઓ છુપાઇને બેઠી હોય છે..લખતાં લખતાં તન્મય થઈ જવાય એ જીવતર...એકાદ ફકરામાં ફફડતું રહે એ જીવન નથી..

આપણી આસપાસ વસતું નગર એનું એ જ હોય છે..એની સડકોનો સળવળાટ એ જ હોય છે..હવાનું હોવાપણું કે ભીડનું આપણું આકલન ઉપરચોટિયું હોય છે..એના માપદંડો પણ મર્યાદિત હોય છે.જોવાપણું કદાચ એનું એ જ હોય છે..જીવન એ ટુકડાઓનો તાલમેલ નથી..હિસ્સાઓના તાણાવાણા જેવું છે..જીવતરની ઘરેડ નથી હોતી, પોતીકો એક ઘાટ હોય છે.

સરકારને બે મોરચે લડવાનું છે

તંત્રીસ્થાનેથી...

ઈઝરાયેલમાં એકી સાથે (ઈન્ફ્લ્યુએન્ઝા) અને કોરોનાનો કેસ નોંધાયો છે. આ બે વાઈરસ એક સાથે હુમલો કરે તો જે નવી પરિસ્થિતિ સરજાય એના માટે 'ફલોરાના' જેવો શબ્દ યોજાયો છે. કોણ જાણે કેમ, વાઈરસ માનવજાતનો પીછો છોડવાનું નામ જ લેતો નથી. ફલુ અને કોરોનાનાં લક્ષણ સમાન હોય છે. ફલુની સરખામણીમાં કોરોના વધારે ખતરનાક નીવડ્યો અને આખી દુનિયામાં હાહાકાર મચાવી દીધો તે પછી 'વેક્સીનેશન ડ્રાઈવ' - રસીઝુંબેશ શરૂ થઈ જેમાં ભારતની ફાર્માસ્યુટિકલ કંપનીઓએ રંગ રાખ્યો. અલબત્ત કોરોનાની બીજી લહેરમાં લગભગ ગલીએ ગલી મોકાણ મંડાણી હતી તે સર્વવિદિત છે. થોડા દિવસો દરમિયાન કોરોનાએ ફરી બેવડી તાકાત સાથે માથું ઊંચક્યું છે. આ વખતે મહારાષ્ટ્રમાં અગાઉ કરતાં ઘણી વધારે ઝડપથી કોરોના ફેલાઈ રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે જાણે ત્રીજી લહેર ચાલુ થઈ ગઈ છે. કેટલાક દેશોમાં તો ચોથી વારનું વેક્સીનેશન થઈ રહ્યું છે. આપણા દેશમાં પણ કોર્મોબિડ વડીલ નાગરિકોને બુસ્ટર ડૉઝ આપવાનું આયોજન હાથ ધરાયું છે. બાળકોને વેક્સીનેશન માટે શાળાઓમાં કેમ્પ યોજાઈ રહ્યા છે. ઓમિક્રોનના કેસ વધી રહ્યા હોઈ હોસ્પિટલોમાં બેડ, ઓક્સિજન અને વેન્ટિલેટર સહિતની પૂર્વ તૈયારીઓ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બીજી તરફ આ વાઈરસ કોરાનાની સરખામણીએ ઓછો ઘાતક હોવાનો પ્રચાર પણ થઈ રહ્યો છે. જોકે ઓમિક્રોન પણ ઘાતક નીવડી શકે છે પરંતુ જેને વેક્સીનેશનની સુરક્ષા પ્રાપ્ત થઈ ચૂકી છે એવા લોકો ઓમિક્રોનના હુમલાં છતાં ઘેર બેઠાં સાજા થઈ રહ્યા છે. ડેલ્ટા વેરિયંટથી થયેલી જાનહાનિથી આખી દુનિયા ડઘાઈ ગઈ છે. સરકારોએ મૃત્યુના આંકડા છુપાવવાની લાખ કોશિશ કરી પરંતુ આખરે સત્ય તો છાપરે ચડીને પોકારતું હોય છે. કેજરીવાલે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચાર કરતાં આ મુદ્દો ઉછાળ્યો છે. યોગી સરકારે તો ઉત્તરપ્રદેશને સ્મશાન ઘાટ જ બનાવી આપ્યા, એથી વધુ કશું કરી શકવાનું એમનું ગજું જ નથી - એવી વાત લઈને લખનૌ પહોંચેલા દિલ્હીના મુખ્યમંત્રી પાસે લોકોને મફત વીજળી આપવાની ફોર્મ્યુલા છે. એમણે દિલ્હીની સરકારી શાળાઓને ઊંચા સ્તરે ઉઠાવી બતાવી છે પંજાબ માટે પણ તેઓ આવું કામ કરી બતાવવા આતુર છે. કોરોના સામે લડતાં લડતાં ચૂંટણી પણ લડવી જ રહી - એ મુદ્દે રાજકીય પાર્ટી સહમત છે. સરકારને બે મોરચે લડવાનું છે. ચૂંટણીઓ ચાલુ છે એમ કોરોના સંક્રમણ પણ ફરી વધી રહ્યુ છે. ચૂંટણી પ્રચાર પર કોરોના પ્રોટોકોલ આપોઆપ ઢીલો પડી જાય છે. ઊલટાની ભીડ એકઠી કરવા માટે સરકાર એના અધિકારીઓ મારફત જ પ્રયાસ કરે છે. કોરોનાની ઓમિક્રોન સુધીની સફર અને એની સાથે જૂના જોગી જેવા ફલુના વાઈરસની જુગલબંધી પછી પણ લોકોમાં 'પેનિક' નથી તે નોંધપાત્ર બાબત છે. રસીકરણ ઝુંબેશ ફરીથી જોર પકડે અને બાળકો સુધી વેક્સીનેશનની રક્ષણાત્મક ઢાલ પહોંચે તે ખૂબ જરૂરી છે. બુસ્ટર ડોઝ પણ દરેક વ્યક્તિને મળવો જોઈએ. પરંતુ આટલી મોટી વસતીમાં એ જરા અઘરું કામ છે. અર્થકારણની ગાડી ટ્રેક પરથી ઊતરી ન જાય એ પણ એટલું જ જરૂરી છે. કોરોના વિસ્ફોટ માટે રાજકીય રેલીઓ જવાબદાર બનતી રહી છે, છતાં રાજકીય પાર્ટીઓએ એ મુદ્દે ઝાઝી ગંભીરતા બતાવી નથી. સત્તાકારણની હોડમાં રાજકીય નેતાઓ મૃત્યુની ભયંકરતાને પણ ભૂલી જઈને પ્રજાને જોખમમાં મૂકી રહ્યા છે. બીજી તરફ ચીને એની અવળછંડાઈ ચાલુ રાખી છે. ગલવાન ઘાટીમાં ચીની ઝંડો ફરકાવવાની લાલચ એ રોકી શક્યું નથી. અરુણાચલમાં કેટલાંક સ્થળોનાં નામ બદલીને એનું ચીનીકરણ કરી દેવાયું છે. કેન્દ્ર સરકાર ચીન વિરુદ્ધ પગલાં લેવામાં જરા ઝિઝક અનુભવતી હોય એમ લાગે છે. જમ્મુ-કાશ્મીરની લાઈન ઓફ કંટ્રોલ ઓળંગવાનો પ્રયાસ કરતાં પાક સૈનિક જરૂર ઠાર મરી શકાય છે પણ ચીનના ચૈન્ય જમાવડાનો કે વિસ્તારવાદી હરકતોનો જવાબ ફક્ત વાંધો લઈને જ અપાતો રહ્યો છે. રાહુલ ગાંધીએ મોદીને સંબોધીને ગલવાન ઘાટીમાં ચીની ઝંડો નહીં પણ ભારતનો તિરંગો જ શોભે - એવી ફીરકી લીધી છે તેની નોંધ લેવી જ રહી.

થોડી જાગૃતતા બતાવીએ, નદીઓના જળને પ્રદૂષિત થવાથી બચાવીએ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

તમે ક્યારેય નદી કિનારે જઈને એમાં ધુબાકા માર્યા છે ? સ્નાન કરીને એના જળનું આચમન લીધું છે ? એમાંથી જાણે બહાર આવતો કે ડૂબતો સૂરજ જોયો છે. ઉપર આકાશમાં ચાંદની કે તારા હોય અને નીચે ધરતી પર સાથે મિત્ર કે પ્રિયજન હોય એવી ક્ષણો માણી છે ? ક્યારેક એકલા એકલા નદી કિનારે અશ્રુધારા વહાવી છે? ક્યારેક રેતીમાં કોઈનું નામ લખ્યું છે ? ક્યારેક આપણા જ પગલાની છાપને પાણીના પ્રવાહમાં ભૂંસાતી જોઈ છે ?

આમાંથી ઘણી પરિસ્થિતિમાંથી હું ને તમે પસાર થયા હશું... ન થયા હોઈએ તો પસાર થવા જેવું ખરું !!

આઝાદીના અમૃત મહોત્વવ ઉજવણી નિમિત્તે એક કાર્યક્રમમાં સાબરમતીના કિનારે ભાગ લેવાનું - બોલવાનું થયું અને આ લખવા પ્રેરણા થઈ.

નદી સાથેનો આપણો સંબંધ પ્રાચીન રહ્યો છે. નદી આપણને અનેક પ્રકારે સમૃદ્ધ કરે છે, નદી આપણને ગીત-સંગીત-નૃત્ય થકી પ્રેમ અને પ્રસન્નતા આપે છે.

શ્રીમદ્ ભાગવતમાં લખ્યું એ મુજબ જે આંખો ભગવાન યાદ કરાવનાર નદીના દર્શન ન કરે એ આંખો નિરર્થક છે. નદીમાં સ્નાનથી - દર્શનથી - એના જળના આચમનથી તો ઠીક એના સ્મરણથી પણ પવિત્રતાનો અનુભવ થાય છે. પાપનાશિની - મોક્ષદાયિની અને પુણ્યસલીલા ગણાય છે નદીઓ.

નદીના આપણા પર અનેક ઉપકારો છે એમાં સૌથી પહેલા આર્થિક ઉપકારોની વાત કરીએ તો નદીના જળનો પીવામાં, ઘર વપરાશમાં, ખેતીમાં, ઉદ્યોગોમાં, જળપરિવહનમાં અને પ્રવાસનમાં મહત્ત્વપૂર્ણ ઉપયોગ થાય છે . અનેક જળચરો એમાં રહે છે. નદીના કિનારે કિનારે જ અનેક તીર્થધામો અને આધ્યાત્મિક આશ્રમો આવેલા છે.

નદીના ધાર્મિક - આધ્યાત્મિક મૂલ્યોની વાત આગળ ચલાવીએ તો નદીના કાંઠે - મેદાનોમાં કુંભ સહિતના અનેક ધાર્મિક મેળાઓ યોજાય છે. નદીના કારણે એ સ્થળે આવેલા મંદિરોમાં જપ-તપ કરતા રહે છે. નદી શાંતિ આપે છે અને ભક્તિ પણ આપે છે. નદીના જળમાં પવિત્રતા છે અને એથી જ જળમાં રહેલા વિશેષ તત્ત્વના કારણે એ જળ તો બગડતું પણ નથી.

નદી વરસાદી જળનો સંગર્હ કરે છે, જળને બાકીના ભૂ-ભાગ પર પહોંચાડે છે અને તેમાં રહેલાં ગંદા કચરાને દૂર પણ કરે છે. મૂળ સંસ્કૃત શબ્દ નદ્ય પરથી બંનેલા નદી શબ્દનો પર્યાયવાચી શબ્દ સરિતા પણ છે. કેટલીક નદી વરસાદી હોય છે અને કેટલીક બારમાસી હોય છે.

આપણે નદી કિનારે ચાલવા જઈએ - સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો કરીએ ક્યાંક તો વળી અંતિમક્રિયા પણ થાય. નદી કિનારે મેળાઓ પણ ભરાય, આમ આવા પ્રસંગોએ માનવ મેદની એકત્રિત થાય અને પરિણામે ત્યાં કિનારે અને જળમાં ગંદકી સર્જાય, આપણે નદીઓને બહુ દૂષિત કરી છે. કારખાનાઓના પ્રદૂષિત પાણી પણ નદીઓમાં વહ્યા છે અને કચરો પણ ભળ્યો છે. હવે સમય છે જાગૃત છે. ગંદા શુદ્ધિ અભિયાન જેમ જ પ્રત્યેક નદીના શુદ્ધિકરણનો સંકલ્પ એની આસપાસના લોકો લે એ સમયની માંગ છે. નદીએ પવિત્ર માનનારા દેશમાં નદીઓને પ્રદૂષિત કરવાની માનસિકતા કેવી લાગે ? સ્વયં નદીઓને સ્વચ્છ રાખવામાં જોડાઈએ - સ્વચ્છતાનો મંત્ર અપનાવીએ. થોડી જાગૃતતા બતાવીએ, નદીઓના જળને પ્રદૂષિત થવાથી બચાવીએ.

નદીઓના કિનારે જ મોટાભાગે સંસ્કૃતિ વિકસી છે, મહાનગરો વિકસિત થયા છે, નદીઓના જળ માત્ર કૃષિના પાક જ ઉગાડે છે એવું નતી, એ સંસ્કારી પ્રજાને પણ ઉગાડે છે. ઋષિઓ - તપસ્વીઓ માટે તપસ્થલી બની છે નદીઓ અને તેના કિનારા. નદીઓ જીવન આપે - નદીઓ સમૃદ્ધિ આપે અને નદીઓ સંસ્કૃતિ પણ આપે.

વિશ્વની - ભારતની અને ગુજરાતની જાણીતી અનેક નદીઓના નામ આ મળે યાદ આવે, પરંતુ એની સાથે સાથે મારાને મારો ગામ કે શહેરની આસપાસની નદીઓનું પણ સ્મરણ કરીએ, એના કિનારે પરિવાર સાથે થોડો સમય વીતાવીએ, ત્યાં સ્વચ્છતા જળવાય એનો પ્રયાસ કરીએ, ક્યારેક ઘરેથી સાથે લઈને ગયેલ દીવડાથી એની આરતી ઊતારીએ... આવું થશે ત્યારે એ દીવડાના અજવાળા રેલાશે અને આપણી લોકમાતાની આરતીના ઘંટારવમાં હૃદયનો આનંદ અને અજવાળા ભળશે.

દિન મહિમા

- સર આઈઝેક ન્યૂટનનો જન્મદિવસ
  મહાન વૈજ્ઞાનિક, ભૌતિક વિજ્ઞાની અને ગણિતજ્ઞ
- લૂઈ બ્રેઈલનો જન્મ
  બ્રેઈલ લિપિના શોધક
- ઉપેન્દ્ર ત્રિવેદીની પુણ્યતિથિ
  ગુજરાતી ચલચિત્ર અને નાટકોના અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા.

આજનું

ઔષધ

- ખજુરના નાના ટુકડા કરી અથવા વાટીને દહીંમાં નાખી રાયતું બનાવવું. તેમાં નમક, મરચું, આદું, મરી વગેરે પણ નાખી શકાય. આ રાયતું દિવસમાં ચાર વખત ૧-૧ વાટકી જેટલું ખાવાથી મરડો મટી જાય છે.

ખડખડાટ

- સવાર સવારમાં એક સંબંધી ઘરે કંકોત્રી આપવા આવ્યા. કંકોત્રી હાથમાં આપીને કહ્યું કે લગ્ન ૧૪ તારીખે છે. પણ આપણે બધાએ ૧૩ તારીખે ટાઉન હોલ મળવાનું રહેશે ત્યાં લકી ડ્રો રાખ્યો છે. પહેલાં ૫૦ લોકોનો - જો તમારો નંબર આવે તો ઠીક છે નહીંતર ત્યાં જ ટેબલે ચાંદલો લખાવીને રવાના થઈ જજો.

આજનો

વોટ્સએપ

- વ્યક્તિને જ્યારે સાચી પ્રેરણા મળે છે
  ત્યારે તો બુંદમાંથી સાગર બની જાય છે.

જબ મેરી કમજોરી કહકર, મુઝપર મેરા પાષાણ હંસા !

વિચારયાત્રા
ડો. જય ઓઝા

જિસકે પીછે પાગલ હોકર
મૈં દૌડા અપને જીવનભર,
જબ મૃગજલ મેં પરિવર્તિત હો,
મુઝ પર મેરા અરમાન હસા !!
તબ રોક ન પાયા મૈં આંસૂ!
જિસમેં અપને પ્રાણોં કો ભરકર
દેના ચાહા અજ્ઝર-અમર
જબ વિસ્મૃતિ કે પીછે છિપકર,
મુઝ પર વહ મેરા ગાન હંસા!!
મેરે પૂજન આરાધન કો, મેરે સંપૂર્ણ સમર્પણ કો,
જબ મેરી કમજોરી કહકર, મુઝપર મેરા પાષાણ હંસા!
તબ રોક ન પાયા મૈં આંસૂ!

- હરિવંશ રાય બચ્ચન

જીવનમાં કર્તવ્ય નિભાવતાં-નિભાવતાં, જવાબદારી અદા કરતાં કરતાં ક્યારેક એવો વિચાર આવે કે શું આપણા આ કાર્ય આપણાં સ્નેહીજનો માટે, તેમના સંતોષ માટે પર્યાપ્ત રહેશે કે કેમ!! જ્યારે આપણે એમ સમજતા હોઈએ કે લોહીનું પાણી કરીને પણ આપણી વ્યક્તિ માટે આપણે જે જવાબદારી અદા કરવાનું કાર્ય કર્યું છે, તે ખરેખર પ્રામાણિકતાથી, ઈમાનદારીપૂર્વક પાર પાડ્યું છે. જીવનના રંગમંચમાં સૂત્રધારનું કપરું કામ આપણા ભાગે આવ્યું છે, તે નિભાવવાનો પ્રયાસ આપણે બખૂબી કરતા હોઈએ છીએ. પરંતુ તખ્તા પરના બીજા પાત્રોને જ્યારે આ પ્રયાસમાં કંઈક ઊણપ વર્તાતી લાગે ત્યારે... સૂત્રધાર નોધારો થઈને ભાંગી પડે છે.

ધન અને સ્નેહની બાબતમાં તદ્દન ઊલટી સ્થિતિ છે. ધનની બાબતમાં દેણદાર કરતાં લેણદારનું સ્થાન ઊંચું હશે પણ પ્રેમની બાબતમાં તો લેનારા કરતા આપનારો જ ઊંચો છે.

કોઈપણ માણસની જિંદગી ખરેખર તો એકલતાની યાત્રા છે. સંબંધ લોહીનો હોય કે લાગણીનો પરંતુ જ્યારે ધાર્યો પ્રતિસાદ ન સાંપડે ત્યારે દિલમાંથી ન સમજાય તેવી ટીસ ઊઠે છે. વાસ્તવમાં પ્રત્યેક વ્યક્તિ પોતાની જવાબદારી પ્રામાણિકતાથી નિભાવતી જ હોય છે. પરંતુ અપેક્ષાઓ અથવા કહો કે ખોટી અપેક્ષાઓ જ તેને અધમૂઓ બનાવી દે છે.

"કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે." શ્રી હરીન્દ્ર દવે આ પંક્તિઓ કહી ગયા તે શું આપણે જ આત્મસાત કરવી આવશ્યક છે ?

આ સંસારમાં માણસ કદાચ માણસ-માણસ વચ્ચેના લાગણીના તમામ વ્યવહારોમાં કોઈ ન્યાય માંગતું નથી. પ્રેમ જ માગે છે. ઘર એ કોઈ કોર્ટરુમ નથી જ્યાં સાબિતી અને પુરાવા રજૂ કરીને સ્નેહનો ન્યાય માંગતા ફરીએ. ઘર તો એક મંદિર છે એમાં અપેક્ષા પ્રેમની જ રાખવામાં આવે. ન્યાયની નહિ.

શા માટે પિતા અને પુત્ર વચ્ચે એક અદૃશ્ય રેખા હોય છે ? મધ્યમવર્ગીય પિતા હ્લએક સાંધે ત્યાં તેર તૂટ" જેવી પરિસ્થિતિમાં પણ સંતાનની દરેક ઈચ્છા પૂરી કરતા હોવા છતાં માત્ર બીજાનું જોઈને પોતાને મોંઘી બાઈક ન મળતા પિતા વિરુદ્ધ અદૃશ્ય અને પરોક્ષરૂપે મોરચો માંડે છે. એવી નજરોથી પિતા સામે જુએ છે અને પિતા સળગી ઊઠે છે. વિચાર કરે છે કે - ક્યા કામ પડ ગયા...

તેવી જ રીતે દીકરો કે દીકરી જ્યારે મોટા થઈને ખૂબ જ ઈમાનદારીપૂર્વક જવાબદારી વહન કરવાના માર્ગે ચાલતા હોય અને માર્ગમાં જો કોઈ નાની અમથી ભૂલ અથવા તો કહીએ કે ગેરસમજોનો સરવાળો થાય મુશ્કેલી આવે તે વખતે મોટેરાઓ જે મૌન સત્યાગ્રહરુપી અત્યાચાર કરતા હોય છે તેને હિંસામાં જ ખપાવવો જોઈએ.

જનરેશન ગેપના રૂપકડાં નામ હેઠળ ઘણી બધી વાતને લાવી દઈને ચૂપચાપ મનમાં શેરડા પાડતાં વડીલોને રાતોરાત એવું શાને લાગતું હશે કે - કોઈ કોઈનું નથી રે !!!

એવું કહે છે કે સુખને મળવું હોય તો ભૂતકાળની વેદના સામે રાખીને વર્તમાનની ક્ષણો સાથે મૂલવવી જોઈએ. પરંતુ થાય છે તેનાથી ઊલટું ભૂતકાળના દુઃખ વર્તમાનમાં સુખ લાગવા માંડે છે. સરખામણી કરતા કરતા વર્તમાનમાં ફક્ત કાંટા જ વાગે ત્યારે સમજવું કે હાથે કરીને કાંટાળો માર્ગ પસંદ કરીને હેરાન થવું છે.

પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં પણ આવી નોબત આવે ત્યારે છેવટે એક મહાન શૂન્ય પેદા થાય છે. કદાચ આપણું હદથી વધારે પ્રત્યર્પણ દોહ્યલું થઈ પડતું હશે. સંબંધોની ક્યારીમાં જ્યારે અવિશ્વાસના નિંદામણ વધવા માંડે પછી પ્રેમરૂપી પાકને નુકસાન થતું હોય છે. આ બધું પરસ્પર છે. સામસામે એકબીજાને જ્યારે એમ લાગે કે કર્યાની કોઈ કિંમત નથી ત્યારે હંમેશા નવી સમસ્યાઓ જ જન્મ લેતી હોય છે.

તો શું જે કાંઈ પણ આ જ આપણે સ્નેહીઓ માટે આત્મીય માટે કરીએ છીએ તે પૂરતું નથી હોતું ? લોહીનું પાણી કરીને જીવે રાખવાની કોઈ આપણને ફરજ તો નથી પાડતું ને! એ તો આપણી પસંદગી છે. વાસ્તવમાં જે કંઈ પણ કરી છૂટીએ છીએ તે આખરે પોતાની માટે જ હોય છે. આપણે કોઈ પર ઉપકાર નથી કરતા માણસના દુઃખને ઓગાળી નાખનારું રસાયણ છે પ્રેમ અને ઈશ્વરે આ શક્તિ માણસને જ આપી છે. જ્યારે સઘળું દઈ દીધા પછી પણ સામે તૃપ્તિનો અહેસાસ ન થાય ત્યારે ફાટી પડવા જેવી સ્થિતિ પેદા થઈ જાય છે.

ક્યારે ? કોને ? કેમ ? માઠું લાગી જાય છે તેની ક્યા ખબર પડે છે !!! જાત ઘસીને અને વ્યક્તિત્વ ઓગાળી દઈને આપણે તન,મન,ધનપૂર્વક આપણી શક્તિઓને અતિક્રમીને કોઈ સંસ્થા માટે કે કોઈ પ્રિયજનો માટે કે તૂટી મરતા હોઈએ ત્યારે સામેથી આપણે એવી જ અપેક્ષા રાખીએ કે આપણા ઉષ્માભર્યા સાદનો પ્રતિસાદ ઉષ્માભર્યો સાંપડે. અને જ્યારે ઉષ્માભર્યા ભાવની બદલે શુષ્ક અને મોળો પ્રતિસાદ સાંપડે ત્યારે એક સંવેદનશીલ અને ઋજુ વ્યક્તિ માટે ફાટી પડવા જેવી સ્થિતિ સર્જાય જાય છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

બે ઘટનાઓ પ્લેટોના જીવનમાં ટર્નિંગ પોઈન્ટ બની ગઈ હતી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એશિયન્ટ ફિલોસોફર પ્લેટોને જેટલા વાંચીએ એટલા ઉંડા ઉતરી જવાય અને જેટલા ઉંડા ઉતરીએ એટલી વધુ જાણવાની જીજ્ઞાસા પેદા થાય આવુ વ્યક્તિત્ત્વ છે પ્લેટોનુ. પ્લેટોએ વિચાર આપ્યો કે, સો ટકા 'પરફેકશનલ્લ હોય એવી દુનિયા પણ છે, પરંતુ આવી દુનિયાને આપણે શોધી નથી કે પછી એને શોધવાનો પ્રયત્ન નથી કર્યો. પ્લેટોનું શમણું હતું કે, આખું જગત 'આદર્શ વિશ્વલ્લ બને અને દુનિયાના તમામ લોકો અદભુત, અદમ્ય અને અલૌકિક આનંદ મેળવતા રહે. ચાણક્ય, સુશ્રુત ઋષિ, આર્યભટ્ટ જેવા દાર્શનિકો પણ પ્લેટો જેવી આદર્શ વિચારશરણીથી લોકોને પ્રશિક્ષિત કરવાનું ઉમદા કાર્ય કરી ચૂક્યા છે.

ગ્રીકના મહાન ફિલોસોફર, દાર્શનિક, ચિંતક અને વિચારક પ્લેટોની વાત નિરાળી છે. પ્લેટો ગર્ભશ્રીમંત પરિવારમાં ઉચરેલા. એમના પિતા અરીસ્ટન અને માતા પેરિટિયોનિ. કેટલાક લોકો કહે છે કે, પ્લેટોનું નામ એમના દાદાએ અરિસ્ટોક્લેસ પાડ્યું હતું. એવું કહેવાય છે કે, પ્રાચિન ગ્રીક સમાજ વ્યવસ્થામાં ગ્રીકવાસીઓ એમના સૌથી મોટા દીકરાનું નામ હંમેશા દાદાનું નામ જ રાખે એવી પરંપરા હતી. જ્યારે બીજા કેટલાકનો મત એવો પણ છે કે, 'પ્લેટોલ્લ એમનું ઉપનામ હતું. આ નામ એમને એટલે આપવામાં આવ્યું હતું કે, એ તંદુરસ્ત હતા. ગ્રીક ભાષામાં શારીરિક તંદુરસ્ત અને મજબૂત યુવાન માટે 'પ્લેટોલ્લ શબ્દ પ્રયોગ થાય છે. બાળપણમાં જ એમના પિતાજીનું અવસાન થતાં થોડા સમય બાદ ગ્રીક રાજા ફારસના રાજદૂત અને પ્લેટોના કાકા સાથે પ્લેટોની માતાએ બીજા લગ્ન કરી લીધાં. સ્વાભાવિક રીતે જ પ્લેટોને કાકાના હોદ્દાના કારણે સમાજમાં ઉચુ સન્માન મળવા લાગ્યું. એ વખતના પ્રબુદ્ધ અને વિદ્વાનો પાસેથી પ્લેટોને ઉત્તમોત્તમ શિક્ષણ પ્રાપ્ત થયું. એમનું જીવન શાહી અમીરો જેવું હતું.

ધનાઢ્ય પરિવારમાં ઉછરેલા પ્લેટોના જીવનમાં બે મોટા ટર્નિંગ પોઈન્ટ આવ્યા અને વિશ્વને એક અદભુત દાર્શનિક સાંપડ્યો. આમ તો પ્લેટોએ દર્શનશાસ્ત્ર, સાહિત્ય, જીમનાસ્ટિક્સ, સમાજ જીવન, વિજ્ઞાન, ખગોળ વગેરે જેવા વિવિધ વિષયોના તજજ્ઞો પાસેથી શિક્ષણ મેળવ્યું હતું. સોક્રેટિસ જેવા મહાન દાર્શનિકનાં પરિચયની ઘટનાએ પ્લેટોના જીવનને નવો વળાંક આપ્યો. સોક્રેટિસના વિચારો, સંવાદો, ચર્ચાઓ અને જીવન જીવવાની ફિલોસોફીનો પ્લેટો ઉપર બહુ ઊંડો પ્રભાવ પડ્યો અને એ સોક્રેટિસના શિષ્ય બની ગયા.

એથેન્સ અને સ્પાર્ટા વચ્ચે થેલોપોનેસિયન યુદ્ધની એક બીજી ઘટના પ્લેટોના જીવનમાં ટર્નિંગ પોઈન્ટ બની હતી. આ યુદ્ધમાં પ્લેટોએ ઈસવીસન પૂર્વે ૪૦૯ થી ૪૦૪ વચ્ચે સેવાઓ આપી પરંતુદુર્ભાગ્યવશ આ યુદ્ધમાં એથેન્સનો પરાજય થયો. સ્પાર્ટાએ એથેન્સમાં લોકતંત્ર વ્યવસ્થા ખતમ કરી નાખી. સ્પાર્ટાના શાશકોએ એથેન્સના લોકોનું જીવન બદતર બનાવી નાખ્યું. પ્લેટો હૃદયથી માનતા હતા કે, એથેન્સવાસીઓના જીવનધોરણમાં એ સુધારો લાવે પરંતુ એ સમયે પ્લેટો અત્યંત મજબૂર હતા. સ્પાર્ટાનું રાજ ખતમ થયું અને એથેન્સમાં ફરી લોકતંત્રની સ્થાપના થતા પ્લેટો રાજનીતિમાં જવા માંગતા હતા પરંતુ સોક્રેટિસે એમને રોક્યા હતા. ગુરૂ સોક્રેટિસની ઈચ્છાને માન આપી પ્લેટો રાજનીતિથી દૂર રહ્યાં.

આમ તો સોક્રેટિસ અને પ્લેટોના વિચારોમાં કોઈ ખાસ ભેદ ન હતો. જો કે પ્લેટો અને સોક્રેટિસ વચ્ચે સૌથી મોટો દેખીતો ફરક એ હતો કે, સોક્રેટિસ બોલતા અને એમના વિચારો લોકો લખતા હતા. જ્યારે પ્લેટોએ જે કાંઇ પણ વિચારો આપ્યા એ એમણે સ્વયં લખ્યા અને લેખિત સ્વરૂપે વિચારો વહેતા કર્યા. એમણે ૩૬ જેટલા અવિસ્મરણીય પુસ્તકો દ્વારા જીવન કેમ જીવવું, જીવનના દ્રષ્ટિકોણ, જગતને વધુ સારું કેમ અને કેવી રીતે જોવાય અને જીવાય જેવા મહત્વના વિષયો માનવજાતને સ્પષ્ટ કરી આપ્યા. પ્લેટોના દર્શનશાસ્ત્રમાં 'ધ રિપબ્લિકલ્લ ધ સ્ટેટમેન, ધ લાગ, ઈયોન, સિમ્પોઝિપમ જેવા ગ્રંથો મુખ્ય છે. કહેવાય છે કે, પ્લેટોએ લખેલી વાતો એટલી તો સચોટ છે કે, વાચકોના હૃદયમાં ઊંડે સુધી ઉતરી જાય છે. કદાચ આ જ કારણે જગતના મહાન દાર્શનિકોમાં પ્લેટોનું નામ આદરપૂર્વક લેવાય છે.

પ્લેટોનું વ્યક્તિત્વ ગહન વિચારો દ્વારા ઘડાયું છે. એમણે માનવીના મગજના દ્વાર ખોલી વિચાર કરતા કરી મૂક્યા. દુનિયાભરના લોકોને પ્લેટોએ અનુભૂતિ કરાવી કે, જે થઈ રહ્યું છે એ અર્થહિન છે. ખરેખર જે અર્થસભર છે એ તો કોઈ જોતું જ નથી ! એમણે અત્યંત પ્રેમપૂર્વક ખોટી ધારણાઓ ઉપર ચાબુક ફટકારી છે. પ્લેટોના પાયાના વિચારો ઉપર આખું જગત મંથન, મનન અને ચિંતન કરે છે. એ કહેતા કે, દરેકને એમ થાય કે, એનું જીવન આદર્શ બને અને એના માટે એ પ્રયાસ કરે. આઈડીયાલિસ્ટિક વર્લ્ડ આઈડિયાના સમૂહથી જ બનતું હોય છે. સૌથી મોટો માર્ગ એ જ છે કે, વ્યક્તિ હંમેશા ગહન વિચાર કરતો રહે. વિચારોથી પોતાના મનમાં જ 'આદર્શલ્લ ફિલોસોફીનો મહાસાગર સાંપડે છે.

પ્લેટોએ માનવજાતને જાગૃત કરતા કહ્યું કે, વિશ્વમાં અખૂટ પ્રાક